શ્લોક-૫

नित्यशुच्यात्मताख्याति, - रनित्याशुच्यनात्मसु

अविद्या तत्त्वधीर्विद्या, योगाचार्यैः प्रकीर्तिता ।

<u>શબ્દાર્થ:</u> નિત્યશુચ્યાત્મતાખ્યાતિ = નિત્યપણાની, શુચિપણાની અને આત્મપણાની બુદ્ધિ (ખ્યાતિ) હોવી, અનિત્યાશુચ્યનાત્મસુ = અનિત્ય, અશુચિ અને અનાત્મ (પુદ્ગલાદિ) માં, અવિદ્યા = અવિદ્યા, તત્ત્વધી = તત્ત્વની બુદ્ધિ, વિદ્યા = વિદ્યા, યોગાચાર્યૈઃ = યોગાચાર્યોએ; પ્રકીર્તિતા = કહી છે.

<u>શ્લોકાર્થ:</u> અનિત્યમાં નિત્યપણાની, અશુચિમાં (અપવિત્રમાં) શુચિપણાની (પવિત્રતાની) અને અનાત્મમાં આત્મપણાની બુદ્ધિ એ અવિદ્યા છે, અને (જે જેવું હોય તેમાં તેવી) તત્ત્વબુદ્ધિ એ વિદ્યા છે એમ યોગાચાર્યોએ કહ્યું છે.

<u>ભાવાર્થ:</u> તત્ત્વ એટલે જે જેવું હોય તેને તેવું માનવું - જાણવું તે સત્ય હોવાથી વિદ્યા અર્થાત્ સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન છે અને જે <u>જેવું ન હોય</u> તેને તેવું માનવું તે અતત્ત્વમાં તત્ત્વ માનવારૂપ હોવાથી અવિદ્યા અર્થાત્ મિથ્યાત્વ - મિથ્યાજ્ઞાન છે એમ યોગદૃષ્ટિને પામેલા પતંજલિ ઋષિ વગેરે <u>યોગાચાર્યોએ</u> કહ્યું છે. અહીં જૈનાચાર્યોને બદલે યોગાચાર્યો કહેવામાં આશય એવો છે કે જૈન-અજૈન ગમે તે સમ્યક્ બુદ્ધિવાળા આત્માનું કથન સમ્યક્ હોય તે જિનવચન છે. <u>જૈનદર્શનને વ્યક્તિ સાથે સંબંધ નથી, તત્ત્વ (સત્ય) સાથે સંબંધ છે.</u>

જે વસ્તુ નિત્ય છે તે માટે નિત્યપણાની બુદ્ધિ તે વિદ્યા અને તે માટે અનિત્યપણાની બુદ્ધિ તે અવિદ્યા.
જે વસ્તુ અપવિત્ર હોય તેને માટે અપવિત્રતાની બુદ્ધિ તે વિદ્યા અને એને પવિત્ર માનવી તે અવિદ્યા.
એવી જ રીતે આત્માથી ભિન્ન એવા પુદ્ગલાદિ જડ પદાર્થો માટે ચેતન કે આત્મપણાની બુદ્ધિ હોવી એ અવિદ્યા અને આત્મા માટે આત્મપણાની બુદ્ધિ તે વિદ્યા છે.

૨૪: વિદ્યા    શ્લોક-૧

વિદ્યા એટલે સમ્યક્ત્વ અને અવિદ્યા એટલે મિથ્યાત્વ. પુદ્ગલ વસ્તુઓમાં સુખ શોધવું એ મિથ્યાત્વ છે. આત્મામાં સુખ શોધવું એ સમ્યક્ત્વ છે.

<u>શંકા:</u> "યોગાચાર્ય" કોને કહેવાય ?

<u>સમાધાન:</u> જ્ઞાન, દર્શન અને ચારિત્ર આમ રત્નત્રયીસ્વરૂપ જે મોક્ષનો ઉપાય છે તેને યોગ કહેવાય છે. રત્નત્રયી જ જીવને મોક્ષની સાથે જોડે છે. તેવા શુદ્ધ યોગને આચરવામાં જે કુશળપુરુષો છે તેને યોગાચાર્ય કહેવાય છે.

આત્મા અમૂર્ત છે, બાહ્ય વસ્તુઓ મૂર્ત છે. આવા પ્રકારની શરીરાદિ બાહ્ય વસ્તુઓનો સંયોગ નાશપામવાવાળો છે. તે પરસંયોગ <u>સદા</u> રહેવાનો છે એમ માનીને નિત્યતાની બુદ્ધિ થાય છે તે અવિદ્યા કહેવાય છે.

શરીરાદિ બાહ્ય પદાર્થ અશુચિમય છે. આપણા શરીરમાં નવ દ્વાર (નવ છિદ્રો) છે. બે કાન, બે આંખ, નાકના બે છિદ્રો, મુખ, જનનેન્દ્રિય અને ગુદા એમ નવ દ્વારોમાંથી અશુચિ વહે છે, આ પદાર્થ આત્માના શુદ્ધ સ્વરૂપને આવૃત્ત કરવાનાં (ઢાંકવાના) નિમિત્તો છે. શરીરાદિને પવિત્ર માનવાં, શોભા-શણગાર કરવાની બુદ્ધિ રાખવી તે અવિદ્યા કહેવાય છે તેનાથી આત્મતત્ત્વને ભિન્ન સમજીને આત્મતત્ત્વ પ્રાપ્ત કરવું તે જ ભેદજ્ઞાન છે. મોહના ઉદયથી થયેલું અભેદજ્ઞાન (હું અને મારાપણાની બુદ્ધિ) સંસારમાં રખડાવનાર છે.

**શ્લોક : ૨**

યઃ પશ્યેન્નિત્યમાત્માન, -મનિત્યં પરસંગમમ્
છલં લબ્ધું ન શક્નોતિ, તસ્ય મોહમલિમ્લુચઃ

**શબ્દાર્થ:** યઃ = જે; પશ્યેત્ = જુએ છે; નિત્યં = નિત્ય; આત્માનં = આત્માને, અનિત્યં = અનિત્ય; પરસંગમ = પર વસ્તુના સંબંધને; છલં = છિદ્ર, લબ્ધું = મેળવવાને; ન શક્નોતિ = સમર્થ થતો નથી; તસ્ય = તેના; મોહમલિમ્લુચ = મોહરૂપી ચોર [મોહમલિમ્લુચ = મોહમ્ + મલિમ્લુચ]

**શ્લોકાર્થ:** જે આત્માને નિત્ય (સદા અવિનાશી) સ્વરૂપે જુએ છે (અને) પર પુદ્ગલના સંગને અનિત્ય (વિનશ્વર) જુએ છે, તેના છિદ્ર મેળવવાને મોહરૂપી ચોર સમર્થ થતો નથી.

**ભાવાર્થ:** ચોર દિવસે ચોરી કરે નહિ, રાત્રિના અંધારામાં ચોરી કરે. ચોર ઘરના મુખ્ય દરવાજેથી દાખલ થાય નહિ. ઘરની પાછળ ભીંતમાં છિદ્ર (બાકોરું) પાડી દાખલ થાય અને ચોરી કરીને નાસી જાય. જ્યાં દિવસનો ઝળહળતો પ્રકાશ હોય અથવા રાત્રે ઘરના લોકો જાગતાં હોય ત્યાં ચોર ઘરમાં છિદ્ર પાડી ન શકે.

આત્મતત્ત્વ એ ઝળહળતો પ્રકાશ છે જે નિત્ય જાગૃત અવસ્થામાં છે. રાત્રિનો અંધકાર એ પર પુદ્ગલ અવસ્થા છે. પર પુદ્ગલનો સંગ (સંબંધ) અનિત્ય છે. મોહરૂપી ચોર જે સાધક આત્મામાં પ્રવેશ કરવા ઈચ્છે છે, આત્મધન ચોરવું છે, સમ્યગ્જ્ઞાનરૂપી ગુણોની લૂંટ ચલાવવી છે પણ સાધક આત્મા સજાગ (જાગૃત) હોવાથી તેના ઘરમાં (તેના આત્મામાં) પ્રવેશવા માટે ચોરને કોઈ છિદ્ર મળતું નથી. તેથી પ્રવેશવા સમર્થ થતો નથી.

જેઓ આત્મતત્ત્વને નિત્ય તરીકે જુએ છે અને પરપુદ્ગલના સંયોગને અનિત્ય તરીકે જુએ છે, તેના આત્મપ્રદેશમાં મોહરૂપી ચોર પ્રવેશ કરી શકતો નથી. વિદ્યા જ્ઞાનનો પ્રકાશ થતાં જ મોહરૂપી ચોર ભાગી જાય છે. તેનું જોર અવિદ્યા (મિથ્યાત્વ) હોય ત્યાં સુધી જ ચાલે છે.

શ્લોક: ૩.

તરંગતરલાં લક્ષ્મી, - માયુર્વાયુવદસ્થિરમ્
અદભ્રધીરનુધ્યાયે, - દભ્રવદ્ ભંગુરં વપુઃ

શબ્દાર્થ: તરંગ = સમુદ્રના મોજા, તરલાં = તરલ, ચંચળ; લક્ષ્મીમ્ = લક્ષ્મીને; આયુઃ = આયુષ્યને; વાયુવદ્ = વાયુના જેવું; અસ્થિરમ્ = અસ્થિર. અદભ્રધીઃ = નિપુણ બુદ્ધિવાળો; અનુધ્યાયેદ્ = વિચારે; અભ્રવદ્ = વાદળાં જેવું; ભંગુરં = ક્ષણભંગુર, વિનશ્વર; વપુઃ = શરીરને

શ્લોકાર્થ: નિપુણ બુદ્ધિવાળો પુરુષ લક્ષ્મીને સમુદ્રના તરંગો જેવી ચંચળ, આયુષ્યને વાયુના જેવું અસ્થિર અને શરીરને વાદળાં જેવું ક્ષણભંગુર (વિનશ્વર) વિચારે.

ભાવાર્થ: સમગ્ર જીવન અનિત્ય છે, ક્ષણભંગુર છે આવું તો ઘણા કહે છે પરંતુ તેમના રોજિંદા વ્યવહારમાં મોટા ભાગે જોવા મળતું નથી. પરંતુ જેઓ નિપુણ બુદ્ધિવાળા અને વિદ્યાવાન છે તેમના જીવન વ્યવહારમાં ભૌતિક પદાર્થોની ક્ષણભંગુરતા દેખાઈ આવે છે.

આ શ્લોકમાં ગ્રંથકાર ત્રણ વસ્તુઓ પ્રત્યે આપણું લક્ષ દોરે છે. (૧) લક્ષ્મી (૨) આયુષ્ય અને (૩) શરીર

(૧) લક્ષ્મી સમુદ્રના તરંગોની જેમ ચંચળ છે. સમુદ્રનાં મોજાં નાશવંત, ક્ષણભંગુર અને ચંચળ છે તેમ લક્ષ્મી પણ ક્યારે ચાલી જશે તે નિશ્ચિત નથી. માટે તેનો મોહ રાખવો વ્યર્થ છે.

(૨) આયુષ્ય વાયુની જેમ અસ્થિર છે. અચાનક ક્યારે સમાપ્ત થઈ જાય તે કહી શકાતું નથી.

(૩) પુદ્ગલના સ્કંધોથી બનેલું શરીર વાદળની જેમ ક્ષણભંગુર છે. જેમ વાદળ વિખેરાય તેમ શરીર ક્યારે નાશ પામે તે કહી શકાતું નથી. માટે શરીરનો મોહ કરવો નિરર્થક છે.

વિદ્યા પ્રગટતાં જ જ્યારે એ ત્રણેના તાત્વિક સ્વરૂપનું જ્ઞાન-ભાન જીવને થાય છે ત્યારે તેનાથી વિરક્ત થઈ તે મોહનો પરાભવ કરી શકે છે.

## ૧૪: વિદ્યા અષ્ટક

**શ્લોક: ૪**

શુચીન્યપ્યશુચીકર્તું, સમર્થેઽશુચિસંભવે
દેહે જલાદિના શૌચ - ભ્રમો મૂઢસ્ય દારુણઃ

**શબ્દાર્થ:** શુચીનિ = શુદ્ધ, પવિત્ર પદાર્થોને; અપિ = પણ; અશુચીકર્તું = અશુચિ, અપવિત્ર કરવાને; સમર્થે = સમર્થ; અશુચિસંભવે = અપવિત્ર પદાર્થથી ઉત્પન્ન થયેલા; દેહે = શરીરમાં; જલાદિના = જળ વગેરેથી; શૌચભ્રમઃ = શૌચનો, શુદ્ધિનો, પવિત્રતાનો ભ્રમ; મૂઢસ્ય = મૂઢ માણસને; દારુણઃ = ભયંકર

**શ્લોકાર્થ:** પવિત્ર પદાર્થોને પણ અપવિત્ર કરવા સમર્થ અને અપવિત્ર પદાર્થથી ઉત્પન્ન થયેલા એવા શરીરને પાણી વગેરેથી પવિત્ર કરવાનો મૂઢ મનુષ્યનો ભ્રમ ભયંકર છે (ગાઢ અજ્ઞાનદશા છે).

**ભાવાર્થ:** પિતાનું શુક્ર અને માતાનું રુધિર એ બંનેનો સંસર્ગ થાય, ત્યારે ત્યાં ઉત્પન્ન થયેલું શરીર (જીવ) પ્રથમ તો તેજ અપવિત્ર વસ્તુઓનો આહાર કરે છે. આ શરીર કેવું છે? આહાર, પાણી, વિલેપન વગેરે સર્વ પવિત્ર વસ્તુઓને થોડીવારમાં અપવિત્ર બનાવે છે પણ પોતે પવિત્ર બનતું નથી. કારણ શરીર અશુચિમાંથી ઉત્પન્ન થયું છે, અશુચિથી પોષાયેલું છે, અને અશુચિથી ભરેલું છે.

દુનિયાની બધી ફેક્ટરીઓ અશુદ્ધને શુદ્ધ કરે છે. શરીર એક એવી ફેક્ટરી છે જે શુદ્ધને અશુદ્ધ કરે છે. આવા અશુચિથી ભરેલા દેહને સાધનને બદલે સાધ્ય માની તેને પવિત્ર બનાવવાનો મૂઢ માણસોનો પુરુષાર્થ અતિ ભયંકર છે.

કોલસાને કે કાગડાને (crow) પાણીથી + દૂધથી ગમે તેટલો ધોવામાં આવે તો સફેદ થતો નથી. તેમ આ શરીરને પાણી, સુગંધી દ્રવ્યો કે કિંમતી સાબુથી પવિત્ર કરવાનો મોહ (ખોટો ભ્રમ) ભયંકર છે. શરીરના સાધન વડે આત્માને પવિત્ર અને શુદ્ધ કરવાનો છે. સાધ્ય આત્મા છે અને શરીર માત્ર સાધન છે. અવિદ્યાના પ્રભાવમાં જીવને શરીર પ્રત્યે મોહ થાય છે. તેનું લક્ષ શરીર જ છે. શરીરની પાછળ જીવન વેડફાઈ જાય છે અને આત્મા સાવ ભૂલાઈ જાય છે.

## ૧૪મું વિદ્યા અષ્ટક

**શ્લોક : ૫**

યઃ સ્નાત્વા સમતાકુંડે, હિત્વા કશ્મલજં મલમ્
પુનર્ન યાતિ માલિન્યં, સોऽન્તરાત્મા પરઃ શુચિઃ

**શબ્દાર્થ:** યઃ = જે, સ્નાત્વા = સ્નાન કરીને, સમતાકુંડે = સમતારૂપી કુંડમાં; હિત્વા = ત્યજીને, છોડીને; કશ્મલજં = પાપથી ઉત્પન્ન થયેલા; મલં = મેલને; પુનઃ = ફરીથી; ન = નહિ; યાતિ = પામતો; માલિન્યં = મલિનતા; સઃ = તે; અન્તરાત્મા = અંતરાત્મા; પરઃ = અત્યંત; શુચિઃ = પવિત્ર

**શ્લોકાર્થ:** જે સમતારૂપી કુંડમાં સ્નાન કરીને, પાપથી ઉત્પન્ન થયેલા મેલને દૂર કરીને ફરીથી મલિનતાને પામતો નથી તે અંતરાત્મા અત્યંત પવિત્ર છે.

**ભાવાર્થ:** શરીરને સ્વચ્છ અને શુદ્ધ કરવાના ગમે તેટલા પ્રયત્ન કરો પણ ૨૪ કલાક પછી ફરીથી સ્નાન કરવું જ પડે છે.

પૂજ્ય ઉપાધ્યાયજી મ.સા. આત્માને શુદ્ધ કરવાની વાત બતાવે છે. શાસ્ત્રમાં ત્રણ પ્રકારના આત્મા બતાવ્યા છે- બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. બહિરાત્મા એટલે પૌદ્ગલિક સુખોમાં, ભૌતિક સુખોમાં જ જેને આનંદ આવે છે. આવો આત્મા મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. જ્યારે સ્વાધ્યાય, સત્સંગ દ્વારા એનું મિથ્યાત્વ મંદ પડે છે ત્યારે એની ભવભ્રમણની મર્યાદા ઓછી થાય છે અને તે ચરમાવર્ત (છેલ્લા આવર્ત) માં આવે છે. અને જ્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે ત્યારે તે ચોથા ગુણ-સ્થાનકે આવે છે ત્યારે બહિરાત્મામાંથી અંતરાત્મા બને છે. ચોથાથી બારમા ગુણસ્થાનક સુધીનો જીવ અંતરાત્મા કહેવાય છે. કેવળજ્ઞાન પ્રગટતા જીવ પરમાત્મા બને છે. કેવળજ્ઞાનથી સિદ્ધાવસ્થા સુધીનો (૧૩-૧૪ ગુણસ્થાનકે આવેલો) આત્મા પરમાત્મા કહેવાય છે.

આ શ્લોકમાં એવા અંતરાત્માની વાત કરી છે કે જે સમતાના કુંડમાં સ્નાન કરીને કર્મનો મેલ દૂર કરે છે. ત્યારપછી તેને અત્યંત અલ્પ પ્રમાણમાં મેલ લાગે છે- એકવાર સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી ભવભ્રમણનો કાળ અર્ધપુદ્ગલ પરાવર્તનથી પણ ઓછો રહે છે. જે અંતરાત્મા કહેવાય છે. સમતાની પવિત્રતાનું સુખતો એ જ અનુભવી શકે કે જેણે સમતાને આત્મસાત્ કરી છે.

શ્લોક : ૬

આત્મબોધો નવઃ પાશો, દેહ-ગેહ-ધનાદિષુ
યઃ ક્ષિપ્તોઽપ્યાત્મના તેષુ, સ્વસ્ય બન્ધાય જાયતે

શબ્દાર્થ: આત્મબોધઃ = આત્મબોધ, આત્મપણાની બુદ્ધિ; નવઃ = નવો; પાશઃ = પાશ, ફાંસો; દેહ ગેહ ધનાદિષુ = શરીર, ઘર અને ધનાદિમાં; યઃ = જે (પાશ); ક્ષિપ્તઃ = નાખેલો; આત્મના = આત્મા વડે; તેષુ = તેમાં; સ્વસ્ય = પોતાના; બન્ધાય = બંધનને માટે; જાયતે = થાય છે.

શ્લોકાર્થ: શરીર, ઘર અને ધન વગેરેમાં આત્મપણાની બુદ્ધિ થવી એ કોઈ નવી જ જાતનો પાશ છે. જે પોતાનાથી (આત્મા વડે) શરીરાદિમાં નંખાયેલો હોવા છતાં તે પોતાના જ બંધ માટે થાય છે.

ભાવાર્થ: પાશ એટલે દુશ્મનને પકડવાનું એક હથિયાર (tool). લાંબા મજબૂત દોરડાને છેડે એક ગાળિયો (Loop) બનાવવામાં આવતો. પાશવિદ્યામાં હોંશિયાર બનેલો પાશધર એ દોરડાનો બીજો છેડો પોતાના હાથમાં પકડી રાખીને ગાળિયો એવી રીતે ફેંકે કે ગાળિયો દુશ્મન કે પશુના ગળામાં જઈને પડે, તરત જ પાશધર દોરડું ખેંચે એટલે ગાળિયો ટૂંકો થઈ જાય અને દુશ્મન કે પ્રાણી (પશુ) ઘસડાઈને પોતાના તરફ આવે. 'પાશ' ઉપરથી ફાંસો શબ્દ આવ્યો છે. જો પાશવિદ્યામાં માહિર હોંશિયાર ન હોય તો ફેંકેલો ગાળિયો પોતાના ગળામાં જ ભરાઈ જાય.

ગ્રંથકાર કહે છે કે આ કેવી અલૌકિક એટલે કે ન બને એવી આશ્ચર્યકારક વાત છે કે શરીર, ઘર, મકાન, ધનને પોતાનાં બનાવવા માટે આત્માએ એ વસ્તુઓના ગળામાં ગાળિયો નાંખ્યો, પણ તે ગાળિયો પોતાના જ ગળામાં આવી ગયો અને પોતે બંધાઈ ગયો. લૌકિક પાશ તો બીજાને બાંધે, આ પાશ તો નાખનાર આત્માને જ બાંધે છે. આ લોકોત્તર પાશ કહેવાય છે.

સાર એ છે કે જીવ ગમે તેટલી મમતા કરે તો પણ શરીર-ઘર-ધન વગેરે કદી કોઈના થયા નથી કે થવાના પણ નથી, છૂટી જ જાય છે. ઊલટું આત્મા પોતે જ બંધાય છે. પરિણામે ~~પર~~ પરાધીન-પણે ચારે ગતિમાં રખડે છે. માટે પરપદાર્થમાં મમતા કરવી તે અવિદ્યા છે. તેને છોડીને પોતાના સ્વરૂપમાં મમતા કરવી તે વિદ્યા છે. એ વિદ્યા આત્માને શરીરાદિના બંધનથી છોડાવી મુક્તિનું ઉત્કૃષ્ટ સ્વાધીન સુખ આપે છે.

શ્લોક: ૭

મિથોયુક્તપદાર્થાના - મસંક્રમચમત્ક્રિયા
ચિન્માત્રપરિણામેન, વિદુષૈવાનુભૂયતે

શબ્દાર્થ: મિથોયુક્ત = પરસ્પર જોડાયેલા, મળેલા; પદાર્થાનાં = પદાર્થોનો, જીવ અને પુદ્ગલનો; અસંક્રમ = નહિ મળવારૂપ, ભિન્નતારૂપ, ચમત્ક્રિયા = ચમત્કાર, ચિન્માત્ર = જ્ઞાનમાત્ર, પરિણામેન = પરિણામથી, વિદુષા = વિદ્વાનથી, એવ = જ, અનુભૂયતે = અનુભવાય છે.

શ્લોકાર્થ: પરસ્પર મળેલા (જીવ અને પુદ્ગલરૂપ) પદાર્થોનો ભિન્નતારૂપ (અસંક્રમ) ચમત્કાર, માત્ર જ્ઞાનની પરિણતિવાળો વિદ્વાન જ અનુભવી શકે છે.

ભાવાર્થ: ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય આ સર્વે દ્રવ્યો એકબીજા સાથે એક જ ક્ષેત્રમાં જોડાઈને રહેલા છે. લોકાકાશના એક એક પ્રદેશો પાંચે દ્રવ્યો સાથે રહેલા છે, છતાં અસંક્રમ છે. એટલે પરસ્પર સંક્રમ પામતા નથી. અર્થાત્ એક દ્રવ્ય બીજા દ્રવ્ય સ્વરૂપે બનતું નથી. પાંચે દ્રવ્યો સાથે રહે છે છતાં તેમનું અસ્તિત્વ, તેમનું સ્વરૂપ અને તેમનું કાર્ય સ્વતંત્ર છે. ભિન્નતાનો આ ચમત્કાર જ્ઞાની પુરુષ જ અનુભવી શકે છે.

ચૌદ રાજલોકના એક એક પ્રદેશે જ્યાં ધર્માસ્તિકાય છે ત્યાં અધર્માસ્તિકાય પણ છે જ. અનાદિકાળથી છે અને અનંતકાળ સાથે રહેનાર છે. તેમ છતાં ધર્માસ્તિકાયનો એક પણ પ્રદેશ અધર્માસ્તિકાય બનતો નથી અને અધર્માસ્તિકાયનો એક પણ પ્રદેશ ધર્માસ્તિકાય બનતો નથી.

પાંચેય દ્રવ્યોમાં માત્ર પુદ્ગલ જ રૂપી છે. વધવું, ઘટવું અને નિરંતર પરિવર્તન પામવું એ પુદ્ગલનું સ્વરૂપ છે. જીવાસ્તિકાયનું સ્વરૂપ છે ચેતના. પુદ્ગલ દ્રવ્યોમાં આત્માના ગુણો પ્રવેશતા નથી અને આત્મામાં પુદ્ગલ ગુણોનો પ્રવેશ થતો નથી. આ કારણથી સમજાય છે કે આ દ્રવ્યો સ્વભાવથી જ ભિન્ન છે. આત્મા અવિનાશી છે, શરીર વિનાશી છે. શરીર જડ છે, આત્મા ચેતન છે.

સામાન્ય માણસો તો શરીર એ જ હું છું અને હું એ જ શરીર છું. આમ અભેદ સમજને શરીરના સુખમાં જ ડૂબેલો રહે છે. શ્રુતજ્ઞાનના આધારે જીવ અને પુદ્ગલનું ભેદજ્ઞાન એ વિદ્યા છે. માત્ર જ્ઞાની જ આ અનુભવી શકે છે.

# ૧૪: વિદ્યા અષ્ટક

શ્લોક: ૮

અવિદ્યાતિમિરધ્વંસે, દૃશા વિદ્યાઞ્જનસ્પૃશા ।
પશ્યન્તિ પરમાત્માનં, આત્મન્યેવ હિ યોગિનઃ ॥

**શબ્દાર્થ:** અવિદ્યાતિમિર = અવિદ્યારૂપી અંધકાર, ધ્વંસે = નાશ થતાં, દૃશા = દૃષ્ટિ વડે, વિદ્યાઞ્જનસ્પૃશા = વિદ્યા (તત્ત્વબુદ્ધિ) રૂપી અંજનનો સ્પર્શ કરનારી, પશ્યન્તિ = જુએ છે, પરમાત્માનં = પરમાત્માને, આત્મનિ = આત્મામાં, આત્માને વિશે, એવ = જ, હિ = વળી, યોગિનઃ = યોગીઓ

**શ્લોકાર્થ:** યોગી પુરુષો વિદ્યા રૂપી અંજનથી સ્પર્શ કરાયેલી દૃષ્ટિ વડે, અવિદ્યા રૂપી અંધકારનો નાશ થતાં, પોતાના આત્મામાં જ પરમાત્માને જુએ છે.

**ભાવાર્થ:** વિદ્યા એટલે તત્ત્વબુદ્ધિ. શરીર અને આત્મા ભિન્ન દ્રવ્યો છે. શરીરના નાશમાં આત્માનો નાશ થતો નથી. આવા ભેદજ્ઞાનવાળી તત્ત્વદૃષ્ટિ અંજનતુલ્ય છે. વિદ્યા રૂપી અંજન (કાજળ) આંજવાથી નિર્મળ બનેલી દૃષ્ટિ વડે યોગીઓ પોતાના આત્મામાં જ પરમાત્માને જુએ છે.

અવિદ્યા એટલે અજ્ઞાન દશા અથવા વિપરીત બોધવાળી દશા. મિથ્યાત્વ એ અંધકાર છે અને તત્ત્વવિદ્યા એ અંજન છે. સમ્યગ્દૃષ્ટિ યોગી મહાત્માઓ આવા અંજન દ્વારા મિથ્યાત્વના અંધકારને ભેદી નાંખે છે અને પોતાના આત્મામાં પરમાત્માના દર્શન કરે છે. પરમાત્માપણું પોતાનામાં જ છે અને તે પ્રગટ કરવાનું છે.

ગુણસ્થાનકના માધ્યમથી વિચારીએ તો અવિદ્યાનો અંધકાર પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે હોય છે. આ ગુણસ્થાનકે રહેલા આત્માને "બહિરાત્મા" કહેવાય છે. ચોથા ગુણસ્થાનકે અવિદ્યા રૂપી અંધકારનો નાશ થતાં વિદ્યા (તત્ત્વબુદ્ધિ) નો સૂર્યોદય થાય છે. છેક બારમા ગુણસ્થાનક સુધી તત્ત્વબુદ્ધિ વિકસતી જાય છે. આમ ચોથા ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક સુધી રહેલા આત્માને "અંતરાત્મા" કહેવાય છે, તેરમા અને ચૌદમા ગુણસ્થાનકે આત્મા "પરમાત્મા" બની જાય છે.

માટે હવે પરમાત્મસ્વરૂપને પ્રગટાવવાનો પુરુષાર્થ કરવો જોઈએ.